

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-26 ■ અંક-27 ■ તા. 26-06-2022 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

# સેના અને કાશ્મીરી પંડિતોની સાથે રહે એક લાખનું ઇનામ આપીશું : નવીન જય હિંદ

**જમ્મુ કાશ્મીરમાં જે કાશ્મીરી પંડિતો અને સેનાની સાથે ઘટનાઓ થઇ રહી છે તેને લઇ અમે ૨૬ જુને જંતર મંતર પર ધરણા પ્રદર્શન કરીશુ**



ચંડીગઢ,તા.૨૫

હરિયાણાના આમ આદમી પાર્ટીના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ નવીન જયહિંદે એકવાર ફરી કાશ્મીરી પંડિતનો મુદ્દો ઉઠાવ્યો છે.તેમણે કહ્યું કે કોઇ પણ નેતા લાલ ચોક આવી ઝંડો લહેરાવે સેના અને કાશ્મીરી પંડિતોની સાથે રહે એક લાખ રૂપિયાનું ઈનામ આપીશ.જયહિંદે કહ્યું કે છેલ્લા કેટલાક દિવસોથી જમ્મુ કાશ્મીરમાં જે કાશ્મીરી પંડિતો અને સેનાની સાથે ઘટનાઓ થઇ રહી છે તેને લઇ અમે ૨૬ જુને જંતર મંતર પર ધરણા પ્રદર્શન કરીશું.કાશ્મીરી પંડિતોના સમર્થન માટે તમામ લોકો ત્યાં આવે

આમ આદમી પાર્ટીના પૂર્વ પ્રદેશ અધ્યક્ષે કહ્યું કે નેતા લોકો પોતાની રાજનીતિ ચમકાવે છે કાશ્મીરી પંડિતોના નામ પર મત માંગે છે.હું પડકાર ફેંકુ છું કે કોઇ પણ નેતા મંત્રી મુખ્યમંત્રી ધારાસભ્ય અને સાંસદ લાલ ચોક આવે ત્યાંથી એક કલાક ફેસબુક લાઇવ કરે સેનાની સાથે રહે અને એક દિવસ કાશ્મીરી પંડિતોની સાથે રહે અમે તેમને એક લાખ રૂપિયાનું ઈનામ આપીશું.જયહિંદે કહ્યું કે કાશ્મીરથી કલમ ૩૭૦ હટાવવી સારી વાત છે પરંતુ ત્યાં હજુ સુધી કોઇનો વસાવવામાં તો આવ્યા નથી હું ૧ જુને લાલ ચોક ગયો હતો ત્યાં મેં કાશ્મીરી પંડિતો અને સેનાના જવાનો સાથે વાત કરી હતી આથી હું કહી શકુ છું કે ત્યાંની સ્થિતિ ખુબ ખરાબ છે.સરકાર કાશ્મીરી હિન્દુઓને એકે ૪૭ આપે.તેમણે કહ્યું કે છત્તીસગઢમાં નકસલીઓની વિરૂધ્ધ એક અભિયાન ચાલ્યું હતું તેમાં પણ હથિયાર આપવામાં આવ્યા હતાં જયારે તેઓ તો આપણા જ દેશના હતાં આ તો પાકિસ્તાનથી આવ્યા છે અને મારીના ચાલ્યા જાય છે.અગ્નિપથ યોજનાને તેમણે ખાસ યોજના બતાવી કહ્યું કે આ રીતની યોજનના રશિયામાં હતી પરંતુ જોવો રશિયા કંઇ રીતે પરાજીત થયું જયારે તેની પાસે એડવાંસ ટેકનોલોજી છે એક નાના દેશ યુક્રેનથી તે હજુ સુધી જીતી શકયું નથી તે કોન્ટ્રાકટવાળા ફૌજી છે.તેમણે કહ્યું કે ઠેકા પર ગુલામ રાખવામાં આવે છે જવાન નહીં જયારે પેંશન નહીં સર્વિસમેનનો દરજજો ન હીં તો પછી તેઓ કોણ.ચાર વર્ષ બાદ તેઓ ગેંગસ્ટર અને શુટર બનશે. તેમણે કહ્યું કે હું તો એ કહીશ કે મુખ્યમંત્રી મંત્રી સાંસદ અને ધારાસભ્યનના પુત્ર છે આ તમામ પોતાના પુત્રોને અગ્નિવીર યોજનામાં મોકલે એક લાખ રૂપિયાનું ઈનામ અમે આપીશું ચાર વર્ષ નહીં એક વર્ષ રાખે કાશ્મીરમાં તેમની પોસ્ટ થાય તેમણે કહ્યું કે ઈઝરાયેલમાં ૮૦ લાખ લોકો છે ૮૦ લાખ તો હિન્દુસ્તાનમાં માર્ગ પર સુતા જોવા મળે છે દરેક દેશની સ્થિતિ અલગ અલગ હોય છે.

## એકનાથ શિંદે પાર્ટીથી બળવો કર્યો છે જો તે સફળ રહેશે તો શિવસેનામાં અત્યાર સુધીની સૌથી મોટી તુટ ગણાશે



મુંબઇ,તા.૨૫

સમયની સાથે મહારાષ્ટ્રની રાજનીતિક સંકટ ઘેરૂ બની રહ્યું છે શિવસેનાના બળવાખોર એકનાથ શિંદે હવે અપક્ષ સહિત ૪૫ ધારાસભ્યોનું સમર્થન હોવાનો દાવો કરી રહ્યાં છે.સત્તાધારી મહાવિકાસ અઘાડી (એમવીએ) ગઠબંધન તુટવાને લઇ શિવસેના તુટી થવાનો ખતરો ઉભો થયો છે.જો કે આ પહેલો પ્રસંગ નથી જયારે શિવસેના પોતાના જ નેતાએ બળવો કર્યો હોય આ પહેલા પણ આવા અનેક બળવાનો અનુભવ છે.ગત બળવાની જેમ આ બળવાને પરિણામ આપનાર પણ એક કટ્ટર શિવસૈનિક જ છે

એ યાદ રહે કે ૬૦ના દાયકામાં એક ઓબીસી યુવક બાલ ઠાકરેના એક ભાષણથી એટલો પ્રભાવીત થયો કે શિવસૈનિક બની ગયો કાર્યકર્તા તરીકે રાજનીતિમાં કેરિયર શરૂ કરી ૧૯૭૩માં દેશની સૌથી સમૃધ્ધ મુંબઇ મહાનગર પાલિકા ચુંટણી લડી અને નગર સેવક બન્યો નાની નાની સીડી ચઢતા પાર્ટી અને પાર્ટી પ્રમુખનો ખાસ બની ગયો આ છે છગન ભુજબળ જે મહારાષ્ટ્રની રાજનીતિના દબંગ ઓબીસી નેતા તરીકે બહાર આવ્યા અને ૧૯૮૫ની વિધાનસભા ચુંટણીમાં શિવસેના સૌથી મોટા વિરોધ પક્ષ તરીકે ઉભરી છગન ભુજબળે પોતાના માટે વિરોધ પક્ષનું પદ પાક્કુ સમજયું પરંતુ બાલ ઠાકરેએ મનોહર જોશીને આ પદ આપ્યું અને ભુજબળને શહેરની રાજનીતિ સુધી સીમિત કરવા માટે મુંબઇના મેયર બનાવી દેવાયા

કેન્દ્રમાં રાષ્ટ્રીય મોરચાની ગઠબંધન સરકારે મંડળ આયોગની ભલામણોને લાગુ કરતા પછાત વર્ગને અનામત આપવાનું નક્કી કર્યું ગઠબંધનના સાથી ભાજપે તેનું સમર્થન કર્યું રાજયમાં શિવસેના અને ભાજપનું ગઠબંધન હતું પરંતુ શિવસેનાએ ઓબીસી અનામતનો વિરોધ કર્યો છગન ભુજબળે તેનો વિરોધ કર્યો મનોહર જોશીની વિરૂધ્ધ કડક નિવેદન પણ આપ્યું બાલ ઠાકરેએ સમાધાન કરાવવાનો પ્રયાસ કર્યો પરંતુ સ્થિતિ વધુ બગડી ગઇ અને શિવસેનાના પર ધારાસભ્યોમાંથી ૧૮ને સાથે લઇ ભુજબળે પાર્ટીથી બળવો કર્યો અને અલગ શિવસેના બી જુથ બનાવ્યું અને ત્યારબાદ આ તમામ કોંગ્રેસમાં સામેલ થઇ ગયા આ રીતે છગન ભુજબળ પહેલા શિવસૈનિક બન્યા જેમણે શિવસેનમાં બળવો કર્યો

વર્ષ ૨૦૦૨ની આસપાસ બાલ ઠાકરેના પુત્ર ઉદ્ધવની રાજનીતિમાં એન્ટ્રી થાય છે શિવસેનામાં તેના માટે વાતાવરણ બનાવવામાં આવ્યું પહેલા વિધાનસભા ચુંટણીના પ્રભારી ત્યારબાદ કાર્યકારી અધ્યક્ષ આ પરિવર્તન જુના શિવસૈનિક નારાયણ રાણેને બિલકુલ હજમ થયું નહીંરાણે ૧૬ વર્ષની ઉમરથી શિવસેનામાં હતાં રાણે શિવસેનાથી કોર્પોરેટર,ધારાસભ્ય વિરોધ પક્ષના નેતા મંત્રી અને મુખ્યમંત્રી પણ બન્યા હતાં બાલ ઠાકરે બાદ બીજા નંબર પર નારાયણ રાણેની ગણતરી થતી હતી પરંતુ તેમને ઉદ્ધવનું નેતૃત્વ સ્વીકાર્ય ન હતું.

## શિવસેનાના બળવાખોર ધારાસભ્યોનું જૂથ 'શિવસેના- બાળાસાહેબ ઠાકરે તરીકે ઓળખાશે

ગોવાહાટી,તા.૨૫

ગુવાહાટીમાં બળવાખોર ધારાસભ્યોએ શિવસેના બાળાસાહેબ ઠાકરે નામના નવા જૂથની રચના કરવાની જાહેરાત કરી છે. આ જૂથમાં શિવસેનાના ૩૮ ધારાસભ્યો સામેલ છે. એકનાથ શિંદેના નેતૃત્વમાં બળવાખોર ધારાસભ્યોનું જૂથ હવે શિંદે સેનાને બદલે નવા નામથી ઓળખાશે. એકનાથ શિંદેના સમર્થક ધારાસભ્યોએ બહુમતી સાથે તેમના જૂથનું નામ આપ્યું છે. બહુમતીથી લેવાયેલા નિર્ણય હેઠળ હવે શિંદે જૂથ 'શિવસેના- બાળાસાહેબ ઠાકરે તરીકે ઓળખાશે. શિંદે જૂથના ઘણા ધારાસભ્યોનો અભિપ્રાય હતો કે તેમના જૂથને 'હિન્દુવાદી શિવસેના' કાર્યકરો તરીકે ઓળખવામાં આવે, પરંતુ બહુમતીએ 'શિવસેના- બાળાસાહેબ ઠાકરે'ની તરફેણમાં નિર્ણય લીધો.

ગઈકાલે પોતાના વિસ્ફોટક ભાષણમાં સીએમ ઉદ્ધવ ઠાકરેએ એકનાથ શિંદે જૂથ પર જોરદાર પ્રહારો કર્યા હતા. સીએમ ઠાકરેએ એવો પણ પડકાર ફેંક્યો હતો કે ઠાકરેની તસવીરો લીધા વિના તેમને જનતામાં ફરતા બતાવો. આજે એકનાથ શિંદે જૂથે તેના જૂથનું નામ બદલીને શિવસેના બાળાસાહેબ ઠાકરે રાખ્યું છે.

આજે (૨૫ જૂન, શનિવાર) સવારથી સતત પ્રશ્ન પૂછવામાં આવી રહ્યો હતો કે આજે એકનાથ શિંદે જૂથની રણનીતિ શું હશે? શું આજે શિવસેનાની રાષ્ટ્રીય કાર્યકારિણી બેઠકમાં એકનાથ શિંદેને બહારનો રસ્તો બતાવી શકાય? જો રાષ્ટ્રીય કાર્યકારિણી કડક નિર્ણય લેશે તો શિંદે જૂથની કાઉન્ટર સ્ટ્રેટેજી શું હશે? તેના પર શિવસેનાની રાષ્ટ્રીય કાર્યકારિણીની બેઠક પૂરી થાય તે પહેલા જ શિંદે જૂથે પોતાના જૂથનું નામ નક્કી કરી લીધું છે. શિંદે જૂથ દ્વારા લેવામાં આવેલા આ નિર્ણય પાછળ ત્રણ મહત્વપૂર્ણ કારણો જણાવવામાં આવી રહ્યા છે.જ્યારથી એકનાથ શિંદે જૂથના બળવાખોર ધારાસભ્યો મુંબઈથી ગુજરાત અને ગુજરાતથી ગુવાહાટી ગયા છે, તેમાંથી કોઈએ એક પણ વાર કહ્યું નથી કે તેઓ હવે શિવસૈનિક નહીં રહે. ઉલટું તેમણે દાવો કર્યો છે કે તેઓ બાળાસાહેબના સાચા શિવસૈનિક છે. તેઓ બાળાસાહેબના હિંદુત્વના અભિયાનનું નેતૃત્વ કરી રહ્યા છે. તેમનો દાવો છે કે ઉદ્ધવ ઠાકરેની શિવસેના હિન્દુત્વથી ભટકી ગઈ છે.

### ૨૦૦૨ ગુજરાત રમખાણ

## મોદીજીએ ભગવાન શંકરની જેમ ખોટા આક્ષેપોનું વિષપાન કરીને બધું સહન કર્યું : અમિત શાહ

નવીદિલ્હી,તા.૨૫

ગુજરાતમાં ગોધરા ટ્રેનકાંડ બાદ ફાટી નીકળેલા રમખાણો મામલે ગૃહમંત્રી અમિત શાહે મૌન તોડ્યું છે. અમિત શાહે એક ઈન્ટરવ્યૂમાં ગુજરાતના રમખાણો અંગે ખુલ્લીને વાત કરી છે. ઉલ્લેખનીય છે કે શુક્રવારે સુપ્રીમ કોર્ટે ગુજરાતમાં ફાટી નીકળેલા રમખાણો અંગે એસઆઈટીના ક્લોઝર રિપોર્ટ વિરુદ્ધ ઝાકિયા જાફરી તરફથી કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી. આ સાથે જ સુપ્રીમ કોર્ટે ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સહિતના લોકોને ક્લીન ચિટ આપી છે. અમિત શાહે જણાવ્યું છે કે, પીએમ મોદીએ ૧૮-૧૯ વર્ષની લડાઈમાં ઘણું સહન કર્યું છે. સાથે જ તેમણે કહ્યુ કે કોઈ મજબૂત મનનો વ્યક્તિ જ આવું સ્ટેન્ડ લઈ શકે છે.

૧૮-૧૯ વર્ષની લડાઈ દરમિયાન દેશના એક મોટા નેતાએ એક પણ શબ્દ બોલ્યા વગર ભગવાન શંકરની જેમ ઝેરને ગળામાં ઉતારીને સહન કર્યું છે. આજે જયારે સત્ય સોનાની જેમ ચમકતું બહાર આવ્યું છે ત્યારે આનંદ થાય છે. મેં મોદીજીને ખૂબ નજીકથી આ દર્દ સહન કરતા જોયા છે. કારણ કે કોર્ટ પ્રક્રિયા ચાલી રહી હોવાથી સત્ય જાણવા છતાં અમે કંઈ નહીં બોલીએ. ખૂબ મજબૂત મનનો માણસ જ આવું સ્ટેન્ડ લઈ શકે છે. મોદીજીની પૂછપરછ થઈ હતી ત્યારે કોઈએ વિરોધ પ્રદેશન કર્યું ન હતું. મારી ધરપકડ થઈ હતી ત્યારે પણ કોઈ ધરણા કે પ્રદર્શન થયા ન હતા. જે લોકોએ મોદીજી પર આરોપ લગાવ્યો હતો તેમની જો અંતરઆત્મા છે તો તેમણે તેમની અને બીજેપીની માફી માંગવી જોઈએ.

જયાં સુધી ગુજરાત સરકારનો સવાલ છે ત્યાં સુધી અમે કોઈ ઢીલ રાખી ન હતી, જે દિવસે ગુજરાત બંધની જાહેરાત થઈ ત્યારે જ અમે સેના બોલાવી લીધી હતી. ગુજરાત સરકારે એક પણ દિવસ મોડું કર્યું ન હતું, કોર્ટે પણ આ વાત માની છે. સુપ્રીમ કોર્ટે પણ કહ્યું છે કે, ઝાકિયા જાફરી બીજાની દોરવણી હેઠળ કામ કરતા હતા. એનજીઓએ અનેક પીડિતો પાસેથી સોગંદનામા પર હસ્તાક્ષર લીધા હતા અને તેમને જાણ પણ નથી. બધા જાણે છે કે તીસ્તા સેતલવાડની એનજીઓ આ બધુ કરી રહી હતી. એ સમયે યુપીઆઈ સરકારે પણ એનજીઓની ખૂબ મદદ કરી હતી.

## રાષ્ટ્રપતિની ચુંટણી નિર્વિરોધ હોત તો વધુ સારૂ થાતઃ યુપી સરકારના મંત્રી

લખનૌ,તા.૨૫

રાષ્ટ્રપતિ ચુંટણીને લઇ ચાલી રહેલ રાજનીતિક હલચલની વચ્ચે યુપી સરકારમાં સહકારિતા મંત્રી જેપીએસ રાઠોડે તમામ પક્ષોને દ્રોપદી મુર્મૂમાં સમર્થનમાં મતદાન કરવામાં અપીલ કરી છે.તેમનું કહેવુ છે કે રાષ્ટ્રપતિ પદ માટે એવા વ્યક્તિને પસંદગી કરવામાં આવે જે નિષ્પક્ષ ભાવથી કામ કરે તેના માટે ચુંટણી પણ નિર્વિરોધ થવો જોઇએ

તેમણે કહ્યું કે રાષ્ટ્રપતિની ચુંટણી નિર્વિરોધ હોત તો વધુ સારૂ થાત,વિરોધ પક્ષે પોતાનો ઉમેદવાર આપ્યો છે.એક આદિવાસી અને મહિલાને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનાવી મોટો સંદેશ આપવાનું કામ આ દેશમાં થઇ રહ્યું છે. તેમણે અપીલ કરતા કહ્યું કે મને લાગે છે કે કોઇ નિષ્પક્ષ ભાવથી રાષ્ટ્રપતિ ભવનમાં બેસી કામ કરી શકે તેના માટે મને લાગે છે કે સમગ્ર ઉત્તરપ્રદેશમાં ભાજપ ઉપરાંત જે પક્ષ છે તે એનડીએના ઉમેદવાર દ્રોપદી મુર્મૂના પક્ષમાં મતદાન કરે અને તેમને વધુમાં વધુ મત આપે

તેમણે કહ્યું કે મને લાગે છે કે દેશમાં સકારાત્મક વિચાર પેદા કરવા માટે વિરોધ પક્ષની પાસે સારી તક છે.નિશ્ચિત રીતે ઉત્તરપ્રદેશની ખુબ મોટી ભૂમિકા છે ઉત્તરપ્રદેશના ધારાસભ્યનો મત ખુબ મહત્વપૂર્ણ ધરાવે છે.ભાજપ બે તૃત્યાંશ બહુમતિ સાથે વિધાનસભામાં છે અને જો વિપક્ષ પણ સાથે આવે તો આ સોનામાં સુગંધ હશે.જયારે દલિત સમાજથી આવનાર બસપા સુપ્રીમો માયાવતી અને પછાત અને નબળા વર્ગની ભલાઇની વાત કરનારા ઓ પી રાજભરને લઇ તેમણે કહ્યું કે અમે તો તમામને અપીલ કરી રહ્યાં છીએ કે એનડીએના ઉમેદવારને જીતાડો તેમણે કહ્યું કે બધાનો સાથ હશે તો સારી વાત હશે.

## મહારાષ્ટ્ર બાદ રાજસ્થાનમાં રાજકીય ઊથલપાથલ ના એંધાણ

જયપુર,તા.૨૫

રાજસ્થાનના ભાજપના નેતાઓને એવી આશા છે કે રાજસ્થાનમાં પણ મહારાષ્ટ્રની જેમ રાજકીય ખેલ થઈ શકે છે અને કેટલાક નેતાઓના નિવેદનો પરથી આ પ્રકારના સંકેત આપવામાં આવી રહ્યા છે. ભાજપ હાઈકમાન્ડની નજર હવે રાજસ્થાન પર છે.

રાજસ્થાનમાં પણ મહારાષ્ટ્ર પેટર્ન લાગુ થઇ શકે તેવી શક્યતા છે તેવા નિવેદનો કેન્દ્રીય મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતથી લઈને રાજસ્થાનના ભાજપ પ્રદેશ પ્રમુખ સતીશ પુનિયા દ્વારા કરવામાં આવ્યા છે ત્યારે હવે રાજસ્થાનમાં પણ મોટી બબાલ ઉભી થઇ શકે છે.

રાજસ્થાનના ભાજપના કેટલાક નેતાઓએ એમ પણ કહ્યું છે કે ગેહલોતની સરકાર જુગાડ પર ચાલી રહી છે અને સરકાર ખુદ ગમે ત્યારે પડી શકે તેવી પરિસ્થિતિ દેખાઈ રહી છે.

કોંગ્રેસની અંદર આંતરિક સંઘર્ષ વધી રહ્યો છે અને મંત્રી તથા ધારાસભ્યો એક સાથે બેસતા નથી. આવી પરિસ્થિતિમાં ગમે તે થઈ શકે છે.

ભાજપના અન્ય કેટલાક નેતાઓએ એમ કહ્યું છે કે કોંગ્રેસમાં ચાલી રહેલા આંતરિક સંઘર્ષ મધ્યસત્ર ચૂંટણી સુધી દોરી જાય તેવી શક્યતા પણ દેખાઈ રહી છે અને આ પ્રકારના નિવેદનોને પગલે રાજસ્થાનના રાજકારણમાં પણ હલચલ મચી ગઈ છે અને બેઠકોના દોર શરૂ થઇ ગયા હોવાનું બહાર આવ્યું છે.

જોકે રાજસ્થાનના એક મંત્રીએ એમ કહ્યું છે કે ભાજપના નેતાઓ મુંગેરીલાલ કે હસીન સપને જોઈ રહ્યા છે અને સપના જોવા માટે તેઓ સ્વતંત્ર છે અને રાજસ્થાનની જનતા ફરી એકવાર ભાજપને જડબાતોડ જવાબ આપશે.

ભાજપના નેતાઓ એમ કહે છે કે કોંગ્રેસ પોતે જ અંદરથી તૂટી રહી છે પરંતુ એ લોકો ભાજપ પર આરોપ મૂકી ગયા છે અને ગેલોત સરકાર આંતરિક સંઘર્ષને પગલે નબળી પડી રહેલી દેખાય છે અને ગમે ત્યારે તેનું ટાયર ફાટી શકે એમ છે.

## મહારાષ્ટ્રમાં ચાલી રહેલી રાજકીય ઉથલપાથલ ઉપર નીતિન ગડકરીનું મોટું નિવેદન

નવીદિલ્હી,તા.૨૫

એક ખાનગી ટીવીના ખાસ સંમેલનમાં કેન્દ્રીય રોડ અને પરિવહન રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરી પણ સામેલ થયા. આ દરમિયાન તેમણે કહ્યું કે ઈલેક્ટ્રિક ગાડીઓથી પ્રદૂષણ ઓછું થશે અને આત્મનિર્ભર ભારત તરફ ડગ ભરશે. આ સાથે જ નીતિન ગડકરીએ મહારાષ્ટ્રના રાજકારણને લઈને પણ ચર્ચા કરી.

મહારાષ્ટ્રના રાજકારણ પર નીતિન ગડકરીએ કહ્યું કે આગળ આગળ જુઓ શું થાય છે. જલદી પરિસ્થિતિ સ્પષ્ટ થશે. અંધારું હટી જશે અને સૂરજ નીકળશે. સરકાર બને છે બગડે છે. આપણએ બધાએ દેશ માટે કામ કરવાનું છે. ગામડાઓ, મજૂરોની સ્થિતિ સુધારવા માટે કામ કરવાનું છે. આ સાથે જ પૂર્વ પીએમ અટલ બિહારી વાજપેયીને યાદ કરતા તેમણે કહ્યું કે સરકારો તો આવતી જતી રહે છે. પ્રધાનમંત્રી આવતા જતા રહે છે પરંતુ આ દેશ રહેવો જોઈએ. દેશ માટે કામ કરવું જોઈએ.

શિવસેના વિશે નીતિન ગડકરીએ કહ્યું કે મહારાષ્ટ્રના રાજકારણ અંગે વધુ ટિપ્પણી નહીં કરું. પરંતુ જયારે બાળાસાહેબ હતા તો તેમનો મારા પર ઘણો સ્નેહ હતો. હવે શિવસેના કોંગ્રેસ-એનસીપી સાથે ચાલશે અને ભાજપને છોડી દીધુ. હવે શિવસેના ભાજપ સાથે આવશે કે નહીં તેનો જવાબ ભવિષ્યમાં છે. શિવસેના અને કોંગ્રેસ-એનસીપીની વિચારધારા બિલકુલ અલગ છે. આથી તેમાં સમસ્યા આવી છે. જયાં બે પાર્ટીઓના વિચાર મળે છે તે જ આગળ વધી શકે છે.

તેમણે કહ્યું કે ભાજપ વિચારોના આધારે ચાલે છે. પાર્ટીની એક અલગ સિસ્ટમ છે તે પ્રમાણે આગળ વધી રહી છે અને આગળ પણ ચાલતી રહેશે. એ સચ્ચાઈ છે કે અનેકવાર શિવસેના તૂટતીરહી અને લોકો પાર્ટીથી અલગ થતા રહ્યા. બે પાર્ટીઓ આગળ સાથે રહે છે કે નહીં તેની સંભાવના ઓછી લાગી રહી છે.

વધુમાં તેમણે કહ્યું કે રોડ એન્જિનિયરિંગમાં સુધારો કરી રહ્યા છીએ જેથી કરીને રોડ એક્સિડન્ટમાં કમી લાવી શકાય. તેના પર કામ કરી રહ્યા છીએ. ઈલેક્ટ્રિક વ્હીકલને લઈને નીતિન ગડકરીએ કહ્યું કે ઈલેક્ટ્રિક કારો માટે લોકોનું એક વર્ષનું વેઈટિંગ છે. લોકો તેની તરફ આગળ વધી રહ્યા છે.

### પાકિસ્તાનની ખૂલી પોલ

## ૨૬/૧૧ મુંબઈ હુમલાનો માસ્ટરમાઇન્ડ સાજિદ મીર જીવતો છે : એફબીઆઇ

**પાકિસ્તાની ગુપ્તચર એજન્સી દ્વારા સાજિદનું મોત થયું હોવાનો દાવો કરાયો હતો**



નવીદિલ્હી,તા.૨૫

પાકિસ્તાને ૨૦૦૮ના મુંબઈ આતંકી હુમલાના માસ્ટર માઈન્ડ સાજિદ મીરની અટકાયત કરી છે. આ પહેલા પાકિસ્તાની ગુપ્તચર એજન્સી દ્વારા મોસ્ટ વોન્ટેડ જાહેર કરાયેલા સાજિદનું મોત થયું હોવાનો દાવો કર્યો હતો. નિષ્ણાતોના મતે પાકિસ્તાને એફએટીએફની ગ્રે લિસ્ટમાંથી બહાર આવવા માટે મીરને સજા આપવાનું નાટક કર્યું છે.નિક્કી એશિયાના અહેવાલ મુજબ, એફબીઆઈના એક અધિકારીએ જણાવ્યું છે કે મીર જીવિત છે, કસ્ટડીમાં છે અને પાકિસ્તાનમાં સજા ભોગવી રહ્યો છે. ૨૦૧૧ માં, મીરને એફબીઆઈ દ્વારા તેના પર ૫ મિલિયનની ઈનામ સાથે મોસ્ટ વોન્ટેડ સૂચિમાં સામેલ કરવામાં આવ્યો હતો. અમેરિકા અને ભારત બંને એક દાયકાથી તેને શોધી રહ્યા છે. લશ્કરના નેતા હાફિઝ સઈદનો નજીકનો સાજિદ મુંબઈ હુમલાના પ્લાનર ડેવિડ કોલમેન હેડલી અને અન્ય આતંકવાદીઓનો હેન્ડલર હોવાનું મનાય છે.પાકિસ્તાન સાજિદ મીરની ધરપકડ કરીને બતાવવા માંગે છે કે તે આતંકવાદ વિરુદ્ધ કામ કરી રહ્યું છે. આ ધરપકડને એફએટીએફની ગ્રે લિસ્ટમાંથી બહાર આવવાની યોજના કહેવામાં આવી રહી છે. પાકિસ્તાન જૂન ૨૦૧૮થી એફએટીએફની ગ્રે લિસ્ટમાં છે. આ વખતે જર્મનીમાં યોજાયેલી બેઠકમાં એફએટીએફએ કહ્યું હતું કે તે ગ્રાઉન્ડ ટેસ્ટ કર્યા બાદ પાકિસ્તાનને ગ્રે લિસ્ટમાંથી બહાર કરવાનો નિર્ણય લેશે. આવી સ્થિતિમાં પાકિસ્તાન બતાવવા માંગે છે કે તે આતંકવાદ વિરુદ્ધ ખુલ્લેઆમ કામ કરી રહ્યું છે.

સાજિદ મીર ૨૦૧૦ સુધી લશ્કર-એ-તૈયબાના ઓપરેશન ચીફ ઝકી-ઉર-રહેમાન લખવીની સુરક્ષાની જવાબદારી સંભાળતો હતો. તેણે માત્ર વિદેશમાં આતંકવાદીઓની ભરતી જ નથી કરી પરંતુ પાકિસ્તાનમાં આતંકવાદી કેમ્પ પણ ચલાવ્યા હતા. તે આઈએસઆઈના ઈન્ડિયન મુજાહિદ્દીન ઓપરેશનનો પણ ભાગ હતો, જેને કરાચી પ્રોજેક્ટ કહેવામાં આવતું હતું.

# તંત્રી લેખ

## ભવિષ્ય દાવ પર




મહારાષ્ટ્રની મહાવિકાસ અઘાડી સરકારનું સંકટ જે વળાંક પર પહોંચી ગયું છે, તેનાથી એવું જ લાગે છે કે ઉદ્ધવ ઠાકરે સત્તા પણ ગુમાવશે અને પાર્ટી પણ. એવા અણસાર એટલા માટે દેખાવા લાગ્યા છે, કારણ કે શિવસેનાના બળવાખોર ધારાસભ્યોની સંખ્યા વધતી જાય છે. ભલે મહારાષ્ટ્ર સરકારને સમર્થન આપી રહેલી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી અને કોંગ્રેસના નેતા ઉદ્ધવ ઠાકરે પ્રત્યે સહાનુભૂતિ પ્રદર્શિત કરી રહ્યા હોય, પરંતુ તેનું કશું મહત્ત્વ નથી. ખરું તો એ છે કે આ બંને પક્ષો સાથે મળીને સરકાર બનાવવી જ શિવસેનાને ભારે પડ્યું. શિવસેના જે પક્ષોને દિવસ-રાત ભાંડતી હતી, તેની સાથે જ હાથ મિલાવીને તેણે ન માત્ર પોતાની વિચારધારા સાથે આત્મઘાતી સમજૂતી કરી, બલ્કે પોતાના સમર્થકો અને કાર્યકર્તાઓને એ સંદેશ આપ્યો કે તે સત્તાના લોભમાં કોઈપણ હદ સુધી જઈ શકે છે. શિવસેનાએ સત્તા મેળવવા માટે પોતાની વિચારધારાનો જેવો ત્યાગ કરી દીધો, તેનું દૃષ્ટાંત જડવું મુશ્કેલ છે. તેનાં ખરાબ પરિણામ સામે આવવાનાં જ હતાં. શિવસેના ખુદને હિંદુત્વની ધ્વજવાહક ગણાવતી હતી, પરંતુ તે રાહુલ ગાંધી તરફથી હિંદુત્વ પર હુમલાને સહન કરતી રહી. ભલે રાહુલ ગાંધી હિંદુત્વ પર હુમલા દ્વારા ભાજપ પર નિશાન સાધતા હોય, પરંતુ તેનું સૌથી વધુ નુક્સાન શિવસેનાએ ઉઠાવવું પડ્યું.

જેમ શિવસેનાની પાસે એ પ્રશ્નના કોઈ જવાબ નથી કે તેણે હિંદુત્વ પર સતત પ્રહાર કરનારી કોંગ્રેસના સમર્થનથી સરકાર બનાવવાનું કેમ પસંદ કર્યું, એ જ રીતે કોંગ્રેસ નેતૃત્વ પાસે પણ એ સવાલનો કોઈ જવાબ નથી કે તેને આખરે શિવસેના એકાએક સેક્યુલર કેવી રીતે દેખાવા લાગી? મહારાષ્ટ્ર વિકાસ અઘાડી સરકાર રહે કે જાય, એ સવાલ ના તો શિવસેનાનો પીછો નથી છોડવાના, ના કોંગ્રેસનો. જ્યાં સુધી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીની વાત છે, તો એ કોઈને ખબર નથી કે તેની વિચારધારા શી છે! એ સમજવું જોઈએ કે આવા પક્ષો ખુદને વિચારધારા આધારિત રાજકીય સંગઠન ન કહી શકે, જે તેના પ્રત્યે કોઈ નિષ્ઠા ન ધરાવતા હોય. એવા પક્ષો વહેલામોડા ન માત્ર વિખેરાઈ જવા અભિશપ્ત હોય છે, બલ્કે પોતાની શાખ પણ ગુમાવે છે. દુર્ભાગ્યે દેશમાં એવા પક્ષોની ઉણપ નથી, જેમની વિચારધારા જાણવી કઠિન છે. એવા પક્ષોમાં કોંગ્રેસ પણ સામેલ થઈ ગઈ છે, તેથી તેના ખરાબ દિવસો પૂરા થવાનું નામ નથી લેતા. મહારાષ્ટ્રના રાજકીય સંકટનો એક બોધપાઠ એ પણ છે કે આવનાર સમયમાં પરિવારવાદી રાજકીય પક્ષો માટે મુશ્કેલી વધવાની છે. તેની અવગણના ન કરી શકાય કે શિવસેનામાં બળવાનું એક કારણ ઉદ્ધવ ઠાકરે દ્વારા પુત્ર આદિત્ય ઠાકરેને પોતાના વરિષ્ઠ નેતાઓ કરતાંય વધુ પ્રાથમિકતા આપવાનું પણ રહ્યું.

# એષા ખુલ્લી કિતાબ- ૧૪




રિવાના પ્રશ્નનો જવાબ આપતા એષા બોલી. "હા રશિયન રસી આવી તો ગઈ છે. કાર્તિક, આશિત અને રોહિત તેની અસર, આડ-અસર અંગે સમજવા મથે છે. રોહિત તો સ્થિતપ્રજ્ઞતાથી વર્તે છે. આશિતનું માનવું છે કે, આ રસી હજી ટ્રાયલ લેવલ પર છે અને તેને જોઈએ તેટલી સફળતા મળી નથી. તું હંમેશાં કહે છે ને કે, દરિયામાં ઊઠતું પ્રત્યેક મોજું પાછું વળે ત્યારે આપણાં પગ નીચેની થોડી રેતી એની સાથે સરકાવતું જાય છે. અને બસ હું મક્કમતાથી મારા પગ જડાવીને બેઠી છું."

"બરોબર, આવી જ રીતે તારી શ્રદ્ધાને ટકાવી રાખજે."

"રિવા વિજ્ઞાન ભણી છું ને તેથી એક વાત બહુ સ્પષ્ટતાથી માનુ છું કે જ્યાં સુધી મૃત્યુ આવ્યું નથી ત્યાં સુધી મને ઝઝૂમવાની તક છે

અને બીજી વાત પેલા તૂટેલી તલવારથી જંગ જીતેલા રાજકુમારની વાર્તા આજે પણ મને યાદ છે."

રિવાએ એષાનાં દ્રઢ મનોબળને સંકોરતા કહ્યું "એષા, તારી વાત સાચી છે વાર્તાઓ જિંદગીની નિશાળમાંથીજ જન્મી હોય છે. અને એવા અનેક યુદ્ધ છે જે પહેલાં તો મનમાં, જાત સાથે જ લઢી લેવાના હોય છે અને જીતવાના પણ હોય છે."

એષા કહે "સાંભળ હું જે વિચારી રહી છું તેવો એક સુંદર દાખલો આજે ઓક્રોલોજીની જરનલમાં કાર્તિકે વાંચ્યો અને મારા માટે તેણે મોકલ્યો. અમેરિકાની પ્રસિદ્ધ કેન્સર હોસ્પિટલનાં નિયામકે અને આખી હોસ્પિટલનાં સ્ટાફે કેરનનું એક વીરને છાજે તેવુ બહુમાન કર્યુ અને તેનાં કેન્સર પરના વિજયને ધામધુમથી વધાવ્યો. તેઓ કહેતા કે અમે મહદ અંશે નિષ્ફળ એટલા માટે પણ જતા હતા કે જે દર્દી જ્યારે હોસ્પિટલમાં આવે ત્યારે બહુ ઓછી હકારાત્મક ઊર્જા લઈને આવતા, પરંતુ કેરન અને કેરનની મમ્મી- સીસીલીયા બંને એ કદી અમારા ઉપરનો તેમનો વિશ્વાસ છોડ્યો જ નહોંતો . તેઓ સંપૂર્ણ શ્રદ્ધા અને નિયમિતતાથી ટ્રીટમેન્ટ કરાવતા હતા. તેની નર્સ તો માની જ શકી નહોંતી કે કેરનને દવા અને દુઆ બંનેથી વિજય મળ્યો છે."

રિવાએ સરસ સમાચાર છે કહીને ફોન મુક્યો અને નિત્યકર્મમાં લાગી. આચાર્ય શિવાનંદજી હોસ્પિટલ ઉપર આશીર્વચન માટે આવવાના છે તે સમાચાર ઋચાએ આપ્યા અને તેથી એષા હોસ્પિટલ ઉપર પહોંચી.

આશિત અને કાર્તિકે રોહિત સાથે ચર્ચા કરી લીધી હતી. આશિત રોહિતને રસી આપ્યા પછીની સંભવિત આડ-અસર અને તકલીફો વિશે સમજાવી ચૂક્યો હતો અને તેને ધ્યાનમાં લઈ તે ચિંતિત પણ હતો. સફળતાની કોઈ જ ગેરંટી પણ ક્યાં હતી અને જે સ્ટેજમાં તેનું દર્દ પહોંચી ગયું હતું તે સ્ટેજ ઉપર આ રશિયન રસીનાં પરિણામો વિવાદાસ્પદ હતા.

કાર્તિક એષાને કહેતો, "મમ્મી, તમે સમજી શકો છો કે આ પ્રયોગ છે, એક અખતરો છે. એક તરફ આગ છે તો બીજી તરફ દરિયો. ટ્રીટમેન્ટ કરાવીએ અથવા ન કરાવીએ, ભય બંને તરફ એક સરખો છે."આ વાતો ચાલતી હતીને શિવાનંદજી પધાર્યા. રોહિતે વંદન કર્યા અને તેમણે રોહિતનાં કપાળ ઉપર હાથ ફેરવ્યો. બધા વંદન કરીને

શિવાનંદજીનાં આશીર્વચનો સાંભળવા બેઠા. એમણે પણ એ રાજકુમારની વાત કહી. એષા તે સાંભળીને મલકી. શિવાનંદજી શાંત

અને ધીર અવાજે કહી રહ્યા હતા, "એક યુધ્ધમાં એક સૈનિક પોતાને ભાંગેલી તલવારથી યુધ્ધ નહીં જીતાય એવો વિચાર કરી તલવાર રણભૂમિ ઉપર નાખીને જતો રહ્યો. હવે તે રાજ્યનો રાજકુમાર લઢતો લઢતો પાછળ પડતો હતો અને દુશ્મનનાં વારથી તેની તલવાર તેના હાથમાંથી છૂટી ગઈ. સહેજ પોતાની જાતને સંભાળીને તેણે આજુબાજુ નજર કરી અને પેલા હતપ્રભ સિપાઈએ ફેંકી દીધેલી તૂટેલી તલવાર તેને

મળી ગઈ અને ફરીથી વેગે તે લઢ્યો અને તે યુધ્ધ જીત્યો. બીજે દિવસે તેણે એ સિપાઈને બોલાવી બહુમાન કર્યુ. સિપાઈને તો એમ કે તેને ઠપકો મળશે પણ શિરપાવ મળ્યો. કારણ? કારણ કે એ તૂટેલી તલવાર ત્યાં નાખીને જતો રહ્યો અને એ જ તૂટેલી તલવારથી યુદ્ધમાં વિજય થયો.

યુદ્ધ માત્ર તલવારથી જ નથી લડાતા કે વિજય માત્ર તલવારથી જ નથી મળતો. વિજય તો એ તલવારથી લડી શકવાની હામ અને જાત પરનો વિશ્વાસ અપાવે છે."

આટલું બોલીને શિવાનંદજી અટક્યા. સહેજ ઊંડો શ્વાસ લઈને ફરી વાતનો તાર સાધી લીધો.

મૃદુ અવાજે રોહિત તરફ ફરીને કહ્યું, "તમે બહુ જ નસીબદાર છો. ઘણા રોગીઓનાં રોગ તમે દૂર કર્યા છે અને હજી માનવ સેવાનાં ઘણા યજ્ઞો તમારે કરવાના બાકી છે. મનમાંથી અજંપો કાઢી નાખો. એષાબેન સાથે હજી ત્રીજી પેઢી તમે જોવાનાં છો."

તેમણે એક ચબરખી લીધી

# કચ્છના હરમીનાળા વિસ્તારમાંથી બે પાકિસ્તાની ઘૂસણખોરોની ધરપકડ કરાઇ

### ઘુસણખોરી જેવી પ્રવૃતિ માટે કચ્છની સરહદી વિસ્તાર કુખ્યાત છે.

ભુજ,તા.૨૫

ગુજરાતનાં કચ્છમાં અવારનવાર પાકિસ્તાનની નાપાક હરકતો જોવા મળે છે. માદક દ્રવ્યો હથિયારો, તો ક્યારેક ઘુસણખોરી જેવી પ્રવૃતિ માટે કચ્છની સરહદી વિસ્તાર કુખ્યાત છે. ત્યારે બીએસએફ દ્વારા આવા તત્વો ઉપર સતત વોચ રાખવામાં આવતી હોય છે. પાકિસ્તાનની ભૂમિ અને જળસીમાની તદ્દન નજીક આવેલા સરહદી કચ્છના ઘૂસણખોરી અને દેશમાં નાપાક હરકતો માટે કુખ્યાત વિસ્તાર તરીકે ઓળખાતા અતિસંવેદનશીલ અને દુર્ગમ હરામીનાળા વિસ્તારમાં નાપાક હરકતો વધી ગઈ હોવાના સુરક્ષા એજન્સીઓને સતત મળી રહેલા ઈનપુટ વચ્ચે આ વિસ્તારની સંવેદનશીલતા ધ્યાને લઇ, સરહદી સલામતી દળ દ્વારા કચ્છની સિરક્રીક, હરામીનાળા વિસ્તારમાં પેટ્રોલિંગ વધારી દેવામાં આવ્યું છે. તેમાં કચ્છના હરમીનાળા વિસ્તારમાંથી બે પાકિસ્તાની ઘૂસણખોરો ઝડપાયા છે.જે પાકિસ્તાની નાગરિકો ઝડપાયા છે તેમાં ૧. સદમ હુસૈન, ગુલામ મુસ્તફા ઉંમર ૨૦ વર્ષ,૨. અલી બક્ષ ઉ. ખેર મુહમ્મદ, ઉંમર ૨૫ વર્ષ બંને પાકિસ્તાની ગામ ઝીરો પોઈન્ટના રહેવાસી છે

પ્રાપ્ત વિગતો અનુસાર કચ્છના હરામીનાળા પાસે બે પાકિસ્તાની ઘુસણખોરી કરતા ઝડપાયા હતા. મ્જીહ્લએ ફાયરિંગ કરતા બે પાકિસ્તાની ઘૂસણખોરોને ઈજા થઈ હતી. તા. ૨૩મી જૂન ૨૦૨૨ના રોજ શરૂ થયેલા ચાલુ સર્ચ ઓપરેશનમાં બીએસએફ ભુજે હરામી નાલા વિસ્તારમાંથી બે પાકિસ્તાની માછીમારોને પકડી લીધા હતા. પાકિસ્તાન તરફ ભાગવાનો પ્રયાસ કરતી વખતે બંનેને પગની ઘૂંટીમાં ગોળી વાગી હતી.

૨૩/૦૬/૨૦૨૨ બપોરના રોજ, બીએસએફ ભુજની પેટ્રોલ પાર્ટીએ હરામી નાળાના સામાન્ય વિસ્તારમાં કેટલીક પાકિસ્તાની માછીમારી બોટની હિલચાલનું નિરીક્ષણ કર્યું હતું. પેટ્રોલિંગ પાર્ટી તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી અને હરામી નાલા વિસ્તારના જુદા જુદા સ્થળોએથી નવ પાકિસ્તાની ફિશિંગ બોટ જપ્ત કરી હતી. જોકે, પાકિસ્તાની માછીમારો ભાગી છૂટ્યા હતા અને ૩૦૦ ચોરસ કિલોમીટરથી વધુ વિસ્તારમાં ફેલાયેલા હરામી નાળા વિસ્તારમાં છુપાઈ ગયા હતા.

બીએસએફ ભુજે સર્ચ ઓપરેશન ચાલુ રાખ્યું હતું અને પાકિસ્તાન તરફ ભાગી જવાના તમામ સંભવિત માર્ગોને પ્લગ કરીને સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લીધો હતો. બીએસએફ પેટ્રોલિંગે ભાગી રહેલા પાકિસ્તાની માછીમારોને પડકાર્યા પરંતુ તેઓ રોકાયા નહીં અને બીએસએફ જવાનોએ પાકિસ્તાની માછીમારોને પકડવા માટે ગોળીબાર કરવો પડ્યો. બંનેને પગની ઘૂંટીમાં ગોળી વાગી છે અને તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવી રહ્યા છે.

# જૂનાગઢઃ આંતરરાષ્ટ્રીય ઠગ ગેંગના બે સાગરીત ઝડપાયા

જૂનાગઢ,તા.૨૫

જૂનાગઢમાં વૃદ્ધો અને અભણ વ્યક્તિઓ ને વિશ્વાસમાં લઇ એ.ટી.એમ. કાર્ડ બદલી તેના ખાતા માંથી રૂપિયા ઉપડી જતી હોવાની ફરિયાદો સામે આવતા જુનાગઢ જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસામ શેટ્ટી દ્વારા એલસીબીને આ ગુનાનો ભેદ ઉકેલવા સૂચના કરતા એલસીબી. પી.આઈ. ભાટી, પી.એસ.આઈ. બડવા તથા સ્ટાફ દ્વારા આ અંગે તપાસ હાથ ધરાઇ હતી. તે દરમિયાન એલસીબીને બાતમી મળી હતી કે, એટીએમ બદલી ગ્રાહકના ખાતામાંથી રૂપિયા ઉપાડી લેતી આંતરરાજ્ય ગેંગના સભ્યો શહેરના ખલિપુર રોડ પરની સિદ્ધિવિનાયક સોસાયટી નજીક ઊભા છે. ત્યારે એલસીબીએ તાત્કાલિક બાતમી વાળી જગ્યાએ પહોંચી બન્ને શખ્સોને દબોચી લીધા હતા અને તેમની પાસેથી કુલ રૂ. ૮,૨૮,૨૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.આ આંતરરાજ્ય ચીટર ગેંગના આંધ્રપ્રદેશના પકડાયેલા શખ્સો અંગે જૂનાગઢના જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટીએ જણાવ્યું હતું કે, આ શખ્સો ખાસ કરીને વૃદ્ધો અને અભણ માણસોને શિકાર બનાવતી હતી. અને એટીએમમાંથી પૈસા ઉપાડવામાં મદદ કરવાના બહાને એટીએમ કાર્ડના પીન નંબર મેળવી, એટીએમ કાર્ડની ચોરી કરી બાદમાં નાણા ઉપાડી લઇ છેતરપીંડી કરતા હતા. ત્યારે એલસીબીએ આ બન્ને શખ્સોને પકડી લીધા છે.

પકડાયેલા શખ્સોમાં આંધ્ર પ્રદેશના કોકાંટી માં રહી હોટલનો વ્યવસાય કરનાર ક્રિષ્નામૂર્તિ રેડેપા નાગપ્પા શેટ્ટી તથા બીજો આરોપી કર્ણાટકમાં ડ્રાઈવિંગનો વ્યવસાય કરનાર મોહના વૈકાંટ રામન હોવાનું સામે આવ્યું છે, અને આ આરોપી પાસેથી જૂનાગઢ એલસીબીએ કુલ રૂ. ૮,૨૮,૨૦૦ ની મુદ્દામાલ કબજે કર્યો છે. તથા તેમની પૂછપરછ કરતાં આ આ શખ્સોએ ગુજરાતના જૂનાગઢ, રાજકોટ, ગોંડલ, અમદાવાદ, વડોદરા, નડિયાદ, દેહાગામ, સાણંદ, બાવળા, ધોળકા, કરજણ ઉપરાંત મહારાષ્ટ્ર તથા તમિલનાડુ રાજ્યના ગામોમાંથી પણ કાર્ડ ચોરી હાથ અજમાવી ૫૧ ગુનાઓ આચર્યા હોવાની આ શખ્સોએ કબુલાત આપી છે.

### ભરૂચ / ઝઘડિયાનાં રઝલવાડા ગામે વીજળી પડતાં પ્રવાસી શિક્ષકનું મોત

ભરૂચ,તા.૨૫

ઝઘડિયા તાલુકાના રઝલવાડા ગામે વીજળી પડતા પ્રવાસી શિક્ષક તરીકે ફરજ બજાવતાં યુવાનનું મોત નીપજયું હતું. રઝલવાડા ગામે રહેતો બળવંતસિંહ વસાવા જે પોતાના ખેતરે મોવડીના ઝાડ નીચે ઉભો હતો ને અચાનક વાતાવરણમાં પલટો આવતા કડાકા ભડાકા સાથે વીજળી પડવાથી તેનું મોત થયુ હતું.

ઝઘડીયા તાલુકાના રઝલવાડા ગામનો બળવંતસિંહ સુરજનભાઇ વસાવા ઉ.વ.૩૧ ખેતરે ગયો હતો. એકાએક વાતાવરણમાં પલટો આવતાં બળવંતસિંહ વસાવા તે ખેતર પરનાં મોવડીના ઝાંડ નીચે ઉભો રહેતાં કડાકા ભડાકા સાથે વિજળીઓનો ચમકારો થતાની સાથે તે વખતે તેના પર વીજળી પડી હતી. આ ઘટનાની જાણ અશોકભાઇ ચંપકભાઇ વસાવા રહે.રઝલવાડાનાઓને બનાવની ખબર પડતા તે ખેતરે દોડી ગયા હતા. ખેતરે બળવંતસિંહ બેહોશ પડેલી હાલતમાં જમીન પર પડેલી હાલતમાં જોતા આકસ્મિક વીજળી પડવાથી તેના માથા પર પહેરેલી ટોપી બળી ગઇ હતી.અને માથાના ભાગે નિશાન જણાતા હતા. ત્યારબાદ સારવાર માટે ૧૦૮ ને બોલાવતા ડોકટરે કહ્યુ હતુ કે નશો ચાલતી નથી.

# રાજકોટમાં ૫૦ હજારની જાલીનોટ સાથે બે કોલેજીયન ઝડપાયા

રાજકોટ,તા.૨૫

શહેરના કાલાવડ રોડ પરથી પોલીસે બે કોલેજીયનને રૂ.૫૦ હજારની જાલીનોટ સાથે ઝડપી લીધા બાદ નોટ અંગે તેની પૂછતાછ કરતાં સપ્લાય કરનાર વિસાવદરના એન્જિનિયરનુ નામ ખુલતા પોલીસે તેને પકડવા તેના ઘરે પોહચી હતી પરંતુ તેને એક વર્ષ પેહલા ષ આપઘાત કરી લીધો હોવાનું સામે આવ્યું હતું.જેથી પોલીસે નોટ સાથે ઝડપાયેલા વિદ્યાર્થીઓની વધુ પૂછતાછ કરતા તેને અન્ય રૂ.૫૦ હજારની નકલી નોટ સુરત રહેતા તેના પિતરાઈને આપી હોવાનું જણાતા પોલીસે તેને સુરતના શખ્સની શોધખોળ હાથધરી છે.

વિગતો મુજબ કાલાવડ રોડ પર પ્રેમમંદિરની બાજુમાં બટર ફલાય પ્લે હાઉસ પાસે આવેલા મકાનમાં ભાડેથી રહેતા અને રાજકોટની કોલેજમાં એન્જિનિયરિંગનો અભ્યાસ કરતાં કિશન દિનેશ પાંચાણી પાસે રૂ.૫૦૦ના દરની ભારતીય ચલણની જાલી નોટ હોવાની માહિતી મળતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઇ એ.બી.જાડેજા સહિતને મળતા ટીમ દોડી ગઇ હતી. થોડા દિવસ પહેલા આપઘાત કરી લેનાર વિસાવદરના શખ્સની સપ્લાયર તરીકે સંડોવણી : ૧ લાખની જાલી નોટ માંથી ૫૦ હજાર સુરત મોકલી દીધી

પોલીસે કિશનને દબોચી લઇ પૂછતાછ કરતાં તેના પાસેથી ૫૦૦ના દરની ૧૦૦ નંગ નોટ મળી આવી હતી. જ્યારે વધુ પૂછતાછમાં તેણે આત્મીય કોલેજમાં બાયોટેક્નોલોજીનો અભ્યાસ કરતાં અને વિસાવદરમાં જૂના બસ સ્ટેશન પાસે રહેતા આવેશ અનવર ભોર પાસેથી ખરીદ કર્યાની કબૂલાત આપી હતી.જેથી પોલીસની ટીમ વિસાવદર રવાના થઇ હતી અને આવેશને ઝડપી લઇ પૂછપરછ કરતા તેણે સવા વર્ષ પૂર્વે કિશનને રૂ.૪૦ હજારમાં ૧ લાખની ૫૦૦ના દરની નોટ આપ્યાની કબૂલાત આપી હતી અને આ નકલી નોટનો જથ્થો વિસાવદરમાં જ રહેતા હર્ષ રેણુકા પાસેથી મેળવ્યાનું રટણ કર્યું હતુ. પોલીસ વિસાવદરમાં હર્ષના ઘરે પહોંચી હતી પરંતુ હર્ષે એકાદ વર્ષ પહેલા જ આપઘાત કરી લીધાનું સામે આવ્યું હતું કિશને રૂ.૫૦ હજારની નકલી નોટ સુરત રહેતા તેના પિતરાઇ સંજય હરેશ પાંચાણીને આપી હતી અને પોતાની પાસે રહેલી નકલી નોટ વટાવવા જતાં ઝડપાઇ જશે તેવો ભય લાગતા રાખી મુકી હતી, કિશન અને આવેશ સહિતનાઓએ અત્યાર સુધીમાં નોટ અન્ય કોઇને આપી હતી કે કેમ તે સહિતના મુદ્દે તપાસ કરવા પોલીસે આરોપીઓને રિમાન્ડ પર લેવાની તજવીજ શરૂ કરી હતી.

### જુનાગઢમાં પિતાની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિતે પુત્રીએ પોતાના વાળ કેન્સરગ્રસ્ત મહિલાઓને ડોનેટ કરવા માટે મૂંડન કરાવ્યું



જૂનાગઢ,તા.૨૫

જૂનાગઢ જિલ્લાના માળીયા હાટીનાં ભંડુરી ગામે રહેતી યુવતી પ્રીતિ હરસુખ ભાઈ ચાવડાએ પિતાની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિતે પોતાના વાળ કેન્સરગ્રસ્ત મહિલાઓને દોનેટ કરવા માટે મૂંડન કરાવ્યું છે.ભંડુરી ગામે રહેતી યુવતી પ્રીતિ હરસુખ ભાઈ ચાવડાએ જણાવ્યું હતુંકે, પિતાની પાછળ પુત્ર મુંડન કરાવી શકે તો પુત્રી કેમ નહીં? ત્યારે કોઈ પણ સ્ત્રી માટે તેનું ઘરેણું લાંબા વાળ હોય છે. વાળને કારણે જ કોઈ પણ સ્ત્રીની સુંદરતા વધારે નિખરે છે. પણ એ જ સુંદર વાળનું કોઈ દાન કરે ખરું? આ પ્રશ્નનો જવાબ સ્વાભાવિક રીતે ના જ આવે. પણ માળીયા હાટીના ભંડુરી ગામે રહેતી પ્રીતિ ચાવડાએ પોતાના જ પિતાની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે પોતાના વાળ કેન્સર ગ્રસ્ત મહિલાઓ માટે દાન કર્યા છે. પ્રીતિ ચાવડાએ પોતે મૂંડન કરાવી પોતાના વાળ ડોનેટ કરી પોતાએ વ્યક્ત કરેલી ઈચ્છા તેમણે પૂર્ણ કરી છે.

પ્રીતિ ચાવડાએ વધુ વાત કરતાં કહ્યું હતું કે, મારા પિતાની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે મારે પપ્પાની યાદ માટે કેન્સરગ્રસ્ત મહિલાઓને વાળ ડોનેટ કરવા છે તેવો વિચાર આવ્યો હતો.

# અમદાવાદમાંથી ૪ કિલો ચરસ સાથે મુંબઈના યુવાનની ધરપકડ કરાઇ

અમદાવાદ,તા.૨૫

દેશના યુવા ધનને બરબાદ કરવા માટે તેમને નશાના રવાડે ચઢાવી દેવાનું એક મોટું ષડયંત્ર ચાલી રહ્યું છે. પાકિસ્તાન દરિયામાર્ગેથી દેશમાં ડ્રગ ઘુસાડવા અનેક પ્રયત્ન પણ થઈ રહ્યા છે. તાજેતરમાં વિવિધ એજન્સીઓએ મોટી માત્રામાં ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. અમદાવાદમાંથી પણ તાજેતરમાં ડ્રગ્સ ઝડપાવાના કેસ સામે આવ્યા છે. ત્યારે અમદાવાદ શહેરમાં ડ્રગ ન આવે તેમજ જે લોકો ડ્રગનું વેચાણ કરતા હોય તે માટે પોલીસ કમિશનરે કડક કાર્યવાહી કરવાનો આદેશ કર્યો છે. પોલીસની કડક કાર્યવાહીના ભાગરૂપે શહેરમાં ચરસનો જથ્થો ઝડપાયો છે. આ કેસની વધુ તપાસ વટવા પોલીસને સોંપવામાં આવી છે. આરોપી પહેલા પણ આ રીતે શહેરમાં ડ્રગ ઘૂસાડી ચૂક્યો છે કે નહીં તે બાબતની હાલ પોલીસ તપાસ કરી રહી છે.

અમદાવાદની નારોલ પોલીસને એક મોટી સફળતા હાથ લાગી છે. નારોલ પોલીસે બાતમીના આધારે ૪ કિલોથી વધુ ચરસના જથ્થા સાથે એક યુવકની ધરપકડ કરી લીધી છે. મળતી માહિતી પ્રમાણે આરોપી યુવક મોહમ્મદ હાશિમ કે જે મૂળ જૂનાગઢનો છે પરંતુ મુંબઈમાં હાલ રહે છે. હાશિમ મુંબઈથી ડ્રગ લઈને રાજકોટ જવાનો હતો. આ મામલે નારોલ પોલીસને માહિતી મળી હતી. પોલીસે માહિતીના આધારે લાંભા ટર્નિંગ પાસેથી તેને ઝડપી લીધો હતો.

પોલીસે હાશિમની તલાસી લેતા તેની પાસેથી ડ્રગનો જથ્થો મળી આવ્યો હતો. વધુ તપાસ કરતા જાણવા મળ્યું કે આ ડ્રગ આરોપી રાજકોટના હિદાયતખાનને આપવા જઈ રહ્યો હતો. આરોપીની વધુ પૂછપરછ કરતા જાણવા મળ્યું છે કે આ ડ્રગ તેને જમ્મુ કાશ્મીરથી આપવામાં આવ્યું છે. તપાસમાં સામે આવ્યું કે જમ્મુના રમીઝ ડાર નામના વ્યક્તિએ આ જથ્થો આપ્યો હતો.

આ મામલે નારોલ પોલીસ ત્રણ લોકો સામે દ્વઢૅજી છર્ષ્ઠ હેઠળ ગુનો દાખલ કરીને એક આરોપીને ઝડપી પાડ્યો છે. આ કેસની વધુ તપાસ વટવા પોલીસને સોંપવામાં આવી છે. પોલીસે એક આરોપીની ધરપકડ કરીને એ વાત જાણવાનો પ્રયાસ કર્યો છે કે શું આરોપીઓએ પહેલા પણ આ રીતે ડ્રગ્સ ઘૂસાડ્યું હતું કે કેમ. આ ઉપરાંત આ રેકેટમાં અન્ય કોણ લોકો સામેલ છે તેની તપાસ પોલીસ તરફથી શરૂ કરવામાં આવી છે.

### મોર્નિંગ વોક માટે નીકળેલા યુવકને મોત મળ્યું

અમદાવાદ,તા.૨૫

અમદાવાદમાં અવાર-નવાર અકસ્માતના કિસ્સા વધતા જાય છે શહેરમાં દરરોજ અકસ્માતના અનેક બનાવો બને છે જેમાં લોકો ને જીવ ગુમાવવાનો પણ વારો આવે છે અમુક ઘટનામાં સામે વાળા વાહનચાલકની ભૂલ ના લીધે બીજાને ભોગવવું પડતું હોય છે ત્યારે એવો જ એક બનાવ અમદાવાદમાં વસ્ત્રાપુરમાં સામે આવ્યો છે. જેમાં મોર્નિગ વોકમાં નિકળેલા યુવાનને ઉડાવ્યો હોવાની ઘટના સામે આવી છે. ઘટનાના સીસીટીવીસામે આવ્યા છે. વાહન ચાલકે યુવાનને રીતસર હવામાં ફંગોળ્યો હતો. યુવકનું ઘટના સ્થળે જ મોત નિપજ્યુ હતુ.ગેલેક્ષી કોરલ સોસાયટીમાં રહેતા શૈલેષ પ્રજાપતિ નામના રાહદારીનું તેમા મોત થયું હતું. આ અકસ્માતમાં બોલેરો પિકઅપ વાનના ચાલકની બેદરકારી સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. વીડિયોમાં તે વાહન અકસ્માત બાદ ત્યાં ઉભા રહેવાના બદલે ત્યાંથી ફરાર થઈ રહેલું પણ દેખાય છે. આ ઘટના બાદ તે વિસ્તારની જનતાની માંગ છે કે બેફામ વાહન ચલાવતા ડ્રાઈવરને તાત્કાલિક પકડીને તેની વિરૂદ્ધ કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.

# બાલાસિનોરના રૈયોલીમાં દેશના સૌ પ્રથમ ડાયનાસોર મ્યુઝિયમ ફેઝ-રનું રવિવારે લોકાર્પણ

મહીસાગર,તા.૨૫

દેશના સૌપ્રથમ અને વિશ્વના ત્રીજા ફોસીલ પાર્ક રૈયોલી ખાતે ડાયનાસોર મ્યુઝિયમ ફેઝ-રનું મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આગામી રવિવારે તા. ૨૬મી જૂને લોકાર્પણ કરશે.

મહીસાગર જિલ્લાના બાલાસિનોરથી ૧૧ કિલોમીટરના અંતરે આવેલ રૈયોલી ખાતેના દેશના સૌ પ્રથમ અને વિશ્વના ત્રીજા ફોસીલ પાર્કમાં રૂા.૧૬.૫૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ ડાયનાસોર મ્યુઝિયમ ફેઝ-રમાં અદ્યતન ટેકનોલોજીના આધારે મહાકાય ડાયનાસોરના ઉદ્દભવ અને નાશ સુધીના ઈતિહાસની જાણકારી મળી રહેશે.દેશ-વિદેશના પ્રવાસીઓ, સંશોધકો અને વૈજ્ઞાનિકો સહિત ફોસીલ પાર્કની મુલાકાતે આવતા શાળાના બાળકોથી માંડી ડાયનાસોરની સૃષ્ટિના અભ્યાસમાં રસ ધરાવતા તજજ્ઞો, પુરાતત્વવિદો, સંશોધકોને આ જીવાષ્મીની અનેક વાતો-ગાથાઓ જાણવા મળે તે માટે આ મ્યુઝીયમમાં ૫-ડી થિયેટર, ડિજીટલ ફોરેસ્ટ, ૩૬૦ ડિગ્રી વર્ચ્યુઅલ રિયાલીટી, એકસપેરીમેન્ટ લેબ, સેમી સકર્યુલેશન પ્રોજેકશન, મુડલાઈટ, ૩-ડી પ્રોજેકશન મેપીંગ અને હોલોગ્રામ જેવી સુવિધાઓ ઉપલબ્ધ બનાવવામાં આવી છે.રૈયોલીની મુલાકાતે આવતા પ્રવાસીઓ, સંશોધનકર્તા તથા પેલિયોન્ટોલોજિસ્ટને પ્રાથમિક સુવિધાઓ મળી રહે તથા પ્રવાસન આકર્ષણનું કેન્દ્ર બની રહે તે હેતુથી ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા રૈયોલી-બાલાસિનોર ખાતે ભારત સરકારના પ્રવાસન વિભાગની રૂા. ૩ કેરોડ ૪૫ લાખની અને રાજ્ય સરકારની ગ્રાન્ટ મળી કુલ રૂા. ૫ કરોડ ૭૨લાખના ખર્ચે વિવિધ સુવિધાઓ સાથે ટુરિસ્ટ ઈન્ફોર્મેટીક સેન્ટર, જ્યારે ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા અગાઉ તૈયાર કરવામાં આવેલ ઈન્ટરપ્રીટેશન સેન્ટરની અંદર ડાયનાસોર માટેના મ્યુઝિયમ ફેઝ-૧ રાજ્ય સરકારની રૂા.૭ કરોડની ગ્રાંટમાંથી તૈયાર કરવામાં આવ્યું હતું.